ગુજરાત સરકાર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર.

પરીપત્ર ક્રમાંક અનઘ-૧૦૨૦૧૨-૯૩૪-લ

તા.૦૪-૦૬-૨૦૧૨

***આમુખ:***

રાજયમાં થયેલ અનઅધિકૃત વિકાસને નિયમબદ્ધ કરવા ‘‘ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમબદ્ધ કરવા બાબત અધિનિયમ ૨૦૧૧’’ સરકારશ્રીના તા.૧૮.૦૨.૨૦૧૨ના જાહેરનામાંથી તા.૨૦.૦૨.૨૦૧૨થી લાગુ કરવામાં આવેલ છે.

સદર અધિનિયમથી રાજયમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઇ હેઠળ રચાયેલ/મુકરર કરાયેલ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાં લાગુ થાય છે. તેમજ તા.૨૮.૦૩.૨૦૧૧ પહેલાના બંધાયેલ બીનઅધિકૃત બાંધકામોને આ કાયદા હેઠળ નિયમબદ્ધ કરી શકાય છે.

સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા કલમ (૧)(vii) મુજબ બીનઅધિકૃત બાંધકામોમાં સેનેટરી વ્યવસ્થાને નિયમબદ્ધ કરી શકાય છે. આ અધિનિયમ તળેના નિયમ-૭ મુજબ બીનઅધિકૃત બાંધકામોમાં સેનેટરી વ્યવસ્થાની ખામી જણાય તો ફોર્મ નં. સી-૨માં મુકરર સત્તાધિકારી જરૂરી નોટીસ આપશે અને આ નોટીસમાં જણાવ્યા મુજબ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં જરૂરી વ્યવસ્થા કરવાની રહે છે. આ વ્યવસ્થા સંતોષકારક રીતે થયેલ હોય તો તે બાંધકામ નિયમબદ્ધ થઇ શકે છે.

રાજયમાં આ જોગવાઇઓ હેઠળ સેનેટરી વ્યવસ્થા માટે નિર્ણયોમાં એકસુત્રતતા જળવાઇ તે જરૂરી છે. આ જોગવાઇ માટે બીનઅધિકૃત બાંધકામને નિયમબદ્ધ કરવા માટે નીચે મુજબની કાર્યવાહી પદ્ધતિ અનુસવારવા આ પરીપત્ર કરવામાં આવે છે.

***પરીપત્ર:-***

ગુજરાત બીનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ની કલમ-૧૦(૧)(vii) અને નિયમ નં. ૭ની જોગવાઇઓ હેઠળ, જે કિસ્સામાં સેનેટરી ફેસીલીટીન વ્યવસ્થા કરવાની થાય તે અંગેના નીચે મુજબ ધોરણો અપનાવવાના રહેશે.

1. જે તે બાંધકામ એકમમાં જી.ડી.સી.આર. મુજબ કરવાની થતી સેનેટરી વ્યવસ્થા પૈકી ઓછામાં ઓછી ૫૦ ટકા વ્યવસ્થા કરવાની રહેશે. અને બાકીની વ્યવસ્થા માટે જેટલા ક્ષેત્રફળમાં આ વ્યવસ્થા કરવાની હોઇ, તે માટે જાહેર કરેલ ફીના ધોરણો મુજબ ફી ભરપાઇ કરવાની રહેશે.
2. ઉપરોકત (૧) માં દર્શાવ્યા મુજબ રાખવાની થતી સેનેટરી વ્યવસ્થા બાંધકામમાં કોઇપણ માળે રાખી શકાશે અને તેનો પ્રવેશ એવી રીતે રાખવો કે તેનો સાર્વજનીક રીતે ઉપયોગ થઇ શકે.

આ વ્યવસ્થા ગ્રાઉન્ડ ફ્લોર પર માર્જીનમાં પાછળના ભાગમાં પણ રાખી શકાશે અને માર્જીનમાં આવી વ્યવસ્થા એક થી અને મહત્તમ ગ્રાઉન્ડ + એક માળ સુધી કરી શકાશે. પરંતુ જ્યારે માર્જીનમાં આવી વ્યવસ્થા કરવામાં આવે ત્યારે બાંધકામની સલામતીને અવરોધરૂપ ન બને તે માટે ચીફ ફાયર ઓફીસરનો અભિપ્રાય મેળવવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને હુકમથી,

**(પી.એલ.શર્મા)**
ખાસ ફરજ પરના અધિકારી અને હોદાની રૂઈએ સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર તરફે (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પ્રવર નગર નિયોજકશ્રી, ઉત્તર ગુજરાત વિભાગ, બહુમાળી ભવન, લાલ દરવાજા, ૬ ઠો માળ, અમદાવાદ.
- પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષીણ ગુજરાત વિભાગ, કુબેર ભવન, આઇ–બ્લોક, ૮ મો માળ, રૂમ નં. ૮૦૨ , કોઠી કંમ્પાઉન્ડ, વડોદરા.
- પ્રવર નગર નિયોજકશ્રી, સૌરાષ્ટ્ર વિભાગ, રૂડા બિલ્ડીંગ, ૬ ઠો માળ, રાજકોટ.
- તમામ મહાનગરપાલિકા
- તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ
- તમામ કલેકટરશ્રીઓ અને પ્રાંત અધિકારીશ્રીઓ
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફે (તમામ નગરપાલિકાઓને જાણ કરવા સારૂ)
- શહેરી વિકાસ વિભાગની તમામ શાખાઓ
- સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ